ક્રમાંક: ઘ/મા-૧/પાઠ્ય પુસ્તક /પસ્તી /૨૦૨૧-૨૨ | ૨૨-૯૩ - ૨૨-૯૦

કમિશનર શાળાઓની કચેરી,
૯/૧ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૨૭/૧૨/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય:મુખ્યમંત્રીશ્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ધો-૯ થી૧૨ બદલાયેલ અભ્યાસક્રમ વાળા બિન જરૂરી પાઠ્ય પુસ્તકોના પસ્તીમાં નિકાલ કરવા બાબત

ઉપરોક્ત વિષય મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યની સરકારી અને બિન સરકારી ગ્રાંટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધો-૯થી ૧૨ તમામ વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રી તરફથી મફત પાઠ્યપુસ્કો આપવામાં આવે છે.તેનું વિતરણ રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ તરફથી કરવામાં અને તેની ખર્ચની રકમ અત્રેથી પાઠ્ય પુસ્તક મંડળને આપવામાં આવે છે.

પુસ્તકોના અભ્યાસ ક્રમોમા સમયાંતરે બદલાવ થતો રહે છે. આવા બદલાયેલ અભ્યાસક્રમ વાળા પુસ્તકોનો કોઇ ઉપયોગ થતો નથી અને બિન જરૂરી પડી રહે છે.જેથી આવા પુસ્તકોનો ભરાવો થાય છે, અને જગ્યા રોકાય છે.જેથી જે વિષયના અભ્યાસ ક્રમ બદલાઇ ગયેલ છે તેવા બિન જરૂરી પુસ્તકોનો નિકાલ કરવા અંગે અવારનવાર શાળાઓ તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી તરફથી રજુઆત મળતી રહે છે. સબબ આવા બિનઉપયોગી પાઠ્યપુસ્તકોના નિકાલ માટે એક પધ્ધતિ બનાવવી જરૂરી જણાય છે.

જે બાબતને ધ્યાનમાં રાખી આવા બિનજરૂરી બિન ઉપયોગી પાઠ્યપુસ્તકોના નિકાલની કામગીરી નીચેની સુચના અનુસાર કરવાની રહેશે.

કામગીરી નીચેની સુચના અનુસાર કરવાની રહેશે.

(૧) આવા બિનજરુરી પાઠ્યપુસ્તકોનો નિકાલ માટે નીચે મુજબની એક સમિતિ બનાવવાની રહેશે.

-આવા પાઠ્યપુસ્તકો જે SVS માં હોય તે SVS ના શિક્ષક નિરીક્ષક અથવા ઇન્ચાર્જ શિક્ષક નિરીક્ષક (અધ્યક્ષ)

- જે તે SVS ના કન્વીનર આચાર્ય અથવા ઇન્ચાર્જ કન્વીનર આચાર્ય
- જે તે SVSની અન્ય કોઇ એક શાળાના આચાર્ય
- કચેરીના કોઇ પણ એક વહીવટી કર્મચારી

(૨) જિલ્લા કલેક્ટરશ્રી તરફથી જે પસ્તી વેચાણ અંગે ઇજારદારનું ટેન્ડર મંજુર થયેલ હોય તેવા ઇજારો રાખનાર ઇજારદારને આવા બિન ઉપયોગી પુસ્તકો પસ્તીમાં વેંચાણ કરવાનું રહેશે. અને પસ્તી વેંચાણથી ઉપજતી રકમ સરકારશ્રી હેડે ચલણથી જમા કરાવવાની રહેશે.

(૩) આવા બિન જરુરી દુરુપયોગ ન થાય તે હેતુથી પાઠયપુસ્તકોનો પાને-પાના ફાડીને ટુકડા કરીનેજ વેંચાણ થાય તે જોવાની કાળજી લેવા જણાવવામાં આવે છે.

(૪) પસ્તી વેંચાણમાં અભ્યાસ ક્રમ ચાલુ હોય તેવા પુસ્તકોનું વેંચાણ ન થઇ જાય તેની તકેદારી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ રાખવાની રહેશે.

(૫) જો કોઇ SVSમાં એક કરતા વધારે શાળામાં આવા બિનઉપયોગી પુસ્તકો હોયતો સૌથી વધુ જથ્થો જે શાળામાં હોયતે શાળા ખાતે અન્ય જગ્યાના બિન ઉપયોગી પુસ્તકો ભેગા કરીને નિકાલની કામગીરી હાથ ધરવી.

(૬) જો કોઇ જિલ્લામાં કલેકટરશ્રી દ્વારા પસ્તી વેંચાણ અંગે આવા ભાવ મંજુર ન કરેલા હોય તો પડોશના જિલ્લામાં મંજુર થયેલા ભાવો મંગાવી તે પૈકી જે જિલ્લાના ઇજારદાર આ બિન ઉપયોગી પુસ્તકો લેવા તૈયાર થાય તેને આવા પુસ્તકોનું વેંચાણ કરવું એકથી વધુ ઇજારદાર લેવા તૈયાર થાય તેવા કિસ્સામાં જેના ભાવ સૌથી વધુ હોય તેને આવા બિન ઉપયોગી પુસ્તકોનું વેંચાણ કરવું

નોંધ પર માનનીય નિયામકશ્રીના આદેશ અન્વયે

(એમ.એન.ચાવડા)
સંયુકત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

જા.નં-17608
તારીખ-30/12/21.

પ્રતિ,
કન્વીનરશ્રી SVS 1 થી 15.

ઉપરોક્ત નિયમ અન્વયે આપના SVSની શાળાઓમાં હાલમાં અભ્યાસક્રમમાં ન આવતા હોય તેવા પુસ્તકની માહિતી આપની કક્ષાએથી ભેગી કરી, વિષયવાર ધોરણવાર યાદી તૈયાર કરીને દિન-૭ માં રજૂ કરવી.

SVS કક્ષાએ પોતાના ઝોનમાં આવતી તમામ શાળાઓનું એકંદર પત્રક બનાવી રજૂ કરવું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત